ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક
Agnipath (Weekly) Gandhinagar
Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૦૧ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૦૨-૦૧-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

### વાનપ્રસ્થ સાધક આશ્રમરોજડ ખાતે આર્ય પરિવાર સ્નેહ મિલન સમારંભમાં

## ચારેય વેદોનું ગુજરાતી ભાષાંતર કરનાર વેદપ્રેમી વાનપ્રસ્થી દયાલમુની આર્યનું સાર્વજનિક સન્માન કરાયું

વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ ખાતે ગુજરાત પ્રાંતીય આર્યપ્રતિનિધિ સભા, બુહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રતિનિધિ સભા, વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ તથા ગુજરાતના સમસ્ત આર્ય સાધુ-સંતો તથા સદગૃહસ્થોનો સ્નેહ મિલન સમારંભ ગત તા. ૨૮મી ડિસેમ્બરના રોજ યોજાઈ ગયો.

સમગ્ર ગુજરાતની તમામ આર્યસમાજોના પદાધિકારીઓ તથા પરિવારજનોએ આ કાર્યક્રમમાં ભારે ઉત્સાહભેર ભાગ લીધો હતો.





આ કાર્યક્રમ દરમ્યાન ચારેય વેદોનું ગુજરાતીમાં ભાષાંતર કરનાર સંસ્કૃત અને સંસ્કૃતિના સેવક, વેદ સેવક વિદ્વાન શ્રી દયાલમુનિજીને સાર્વજનિક રીતે સન્માનવાનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. આર્યજગતના સુપ્રસિદ્ધ સન્યાસી પૂ. સ્વામી સત્યપતિજીની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં વાનપ્રસ્થિ દયાલમુનિજીનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડના આચાર્ય જ્ઞાનેશ્વરજીએ શ્રી દયાલમુનિજી દ્વારા અથાગ મહેનતના પરિણામરૂપે જે વેદગ્રંથો ગુજરાતીમાં તૈયાર થયા છે તે માટે અભિનંદન આપતાં જણાવ્યું હતું કે શ્રી દયાલમુનિજીએ રાત-દિવસ જોયા વગર અનેક ગ્રંથોના સઘન અભ્યાસ બાદ આ ગુજરાતી ભાષાંતર કર્યું છે જે એક ઈતિહાસ છે. અને આવનારી પેઢીઓ માટે આ એક આશિર્વાદ સમાન સાબિત થશે. તેમણે તેમના પરિવારજનોને પણ આ કાર્યમાં સહયોગી થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

પૂ. સ્વામી સત્યપતિજીએ આશિર્વચન આપતાં જણાવ્યું હતું કે દયાલમુનિજીનું જે સન્માન થઈ રહ્યું છે તે એક ઉત્તમ કાર્ય છે. આ કાર્યથી તેમણે સંસારનો ખૂબ મોટો ઉપકાર કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેમણે જે ચાર વેદોનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે તે વેદ એ ઈશ્વરની વિદ્યા છે. અને બધી જ વિદ્યાઓનું મુળ ઈશ્વર છે. વેદોની વિદ્યાને ભણવાથી જ મનુષ્યનું જીવન સફળ થાય છે. જે ઈશ્વરની આ વિદ્યાને જાણે છે તે બધા જ દુઃખ થી છૂટે છે. અને માટે આપણે સૌએ આ વિદ્યા મુજબ જ આચરણ કરવું જોઈએ. તેમણે શ્રદ્ધાપૂર્વક આ વિદ્યાનો અભ્યાસ કરવા અનુરોધ કર્યો હતો.

શ્રી સત્યનારાણ જૂઈવાલા દ્વારા સન્માનપત્રનું જાહેર વાંચન કરવામાં આવ્યું હતું.

વિવિધ આર્યસમાજો દ્વારા શ્રી દાયમુનિજીનું સન્માન કરવામાં આવ્યું હતું. આમાં આર્યસમાજ જામનગર, આર્યવનના અધિકારીઓ, વિચાર ટીવી, આર્યસમાજ રાજકોટ, આર્યસમાજ ટંકારા તથા આર્યસમાજ ભૂજ અને પ્રેમજીયાણી તથા વેલાણી પરિવારનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે દયાલમુનિજીએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, હું આ સન્માન પરમપિતા પરમાત્માને અર્પણ કરૂ છું. તેમણે જણાવ્યું હતું કે આચાર્ય જ્ઞાનેશ્વરજીની પ્રેરણા, પ્રોત્સાહન અને પ્રકાશનને કારણે આ શક્ય બન્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કાર્ય એ સામાન્ય ન હતું. તેમણે દરરોજ એક મંત્રનું વાંચન કરવાનો લોકોને સંકલ્પ લેવડાવ્યો હતો. તેમણે મનુષ્યના અંતિમ લક્ષ્ય





મોક્ષ સુધી પહોંચવા લોકોને પ્રેરણા આપી હતી. તેમણે વેદના પ્રકાશન માટે ઉદાર હાથે દાન આપવા અપીલ કરી હતી. ગુજરાતી ભાષામાં આ વેદના પાંચ ભાગ છપાઈ ચૂક્યા છે અને બીજા ત્રણ ભાગ છાપવાના બાકી છે. તેમણે સન્માનમાં મળેલ દાનરાશી ઉપરાંત પોતાના તરફથી એક લાખ રૂપિયાનું દાન વેદ-પ્રકાશન માટે આપી એક અનોખું ઉદાહરણ પૂરુ પાડયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી કમલેશકુમાર શાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

## અથર્વવેદ ભાષ્ય ( પ્રથમ ખંડ ) ના પ્રકાશનની યોજના

ફેબ્રુઆરી માસના અંતમાં અથવા માર્ચ માસના પ્રારંભમાં પ્રકાશનનું કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

દરેક આર્યસમાજ, આર્ય શિક્ષણ સંસ્થાઓ, અન્ય સંસ્થાઓ અગ્રિમ ગ્રાહક બનીને જોડાય તે ઈચ્છનીય છે

ઈશ્વરીય વાણી વેદનો અધિક માત્રામાં, તીવ્ર ગતિથી જન-જન સુધી પ્રચાર થાય તથા લોકો વેદને વાંચે, સમજે તથા તદનુસાર આચરણ કરી સમાજમાં સુખ શાંતિની સ્થાપના કરે એ ઉદ્દેશ્યથી ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વેદભાષ્ય પ્રકાશન કરવાની યોજના બનાવવામાં આવી છે. જેના અંતર્ગત યજુર્વેદ, સામવેદ અને ઋગ્વેદ ભાષ્ય ભાગ ૧,૨,૩ નું પ્રકાશન સંપન્ન થયેલ છે અને અથર્વવેદ ભાષ્ય ( પ્રથમ ખંડ )નું પ્રકાશન આરંભાઈ ચૂક્યું છે.

એક પ્રતિની કીમત ૫૦ % છૂટ ની સાથે ૪૦૦ રૂ. રાખેલ છે.

### નીતિનિર્ધારણ કરતા મહાનુભાવોમાં વિતરણ

આ યોજનાના પ્રથમચરણમાં યજુર્વેદ ભાષ્યનું ભવ્ય પ્રકાશન કરી ૯૪૪ પાનાના આ બૃહદ ગ્રંથનું વિમોચન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા. ૨૯-૧૨-૦૮ના રોજ કરવામાં આવેલ છે. ત્યાર બાદ સામવેદ ભાષ્ય (પાના-૬૨૪), ઋગ્વેદ ભાષ્ય ૧ (પાના-૭૭૬), ઋગ્વેદ ભાષ્ય ૨ (પાના-૮૦૮), ઋગ્વેદ ભાષ્ય ૩ (પાના-૧૦૪૦) વગેરે ગ્રંથ પ્રકાશિત કરાયા. પ્રકાશિત ગ્રંથ વિભિન્ન ધાર્મિક સંસ્થાઓ, મંદિરો, મઠો અને ધર્મક્ષેત્રના અગ્રણીઓ, વિદ્વાનો, પુરોહિતો તથા આચાર્યો, પ્રાધ્યાપકો, વિશ્વ-વિદ્યાલયો, સાર્વજનિક પુસ્તકાલયો, સંસ્કૃત તથા વેદ પાઠશાળાઓ, અનુસંધાન ભવનોની સાથોસાથ લોકસભાના સભ્યો, ધારાસભ્યો, મંત્રીગણ, વિવિધ પત્ર-પત્રિકાઓના સંપાદકો, ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયમૂર્તિઓ, સામાજિક સંગઠનોના પદાધિકારીઓ વગેરેને ભેટ સ્વરૂપે પ્રદાન કરવાની કાર્યવાહી ચાલી રહી છે. અગાઉ અમે મનુસ્મૃતિ, સત્યાર્થ પ્રકાશ આદિ ઋષિકૃત ગ્રંથોનું આ પ્રકારે વિતરણ અને પ્રચાર-પ્રસાર કરેલ છે. વર્તમાનમાં જે બૃહદ યોજનાને મૂર્તિમંત બનાવવા જઈ રહ્યાં છીએ તેમાં આપનો સહકાર આવશ્યક છે.

### અથર્વવેદ ભાષ્ય ( પ્રથમ ખંડ ) ભાવાનુવાદક

શ્રી દયાલમુનિજી વાનપ્રસ્થ
(નિવૃત્ત વિભાગ અધ્યક્ષ, આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર)

- અથર્વવેદ ભાષ્ય ( પ્રથમ ખંડ ) ની ૫૦૦૦ નકલોનું પ્રકાશન થશે.
- આકાર : ૨૦ X ૨૮ (ક્રાઉન ૮ પેજ)
- ઉત્તમ કાગળ, મલ્ટીકલર ટાઈટલ, રેકિઝન બાઈન્ડિંગ
- સંપૂર્ણ ગ્રન્થનું બે કલરમાં મુદ્રણ કરાશે પ્રચારાર્થે પડતર કિંમત કરતાં પણ ઓછી કિંમતમાં વિતરણ કરાશે.

### આપ આ યોજનામાં જોડાઈ શકો છો...

- વ્યક્તિગતરૂપમાં પોતાના પરિવાર, મિત્રો, સ્વજનો અને સ્નેહીજનો માટે તથા સમાજ કે સંસ્થા તરફથી વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કે વેચાણ કરવા માટે અગ્રિમ ગ્રાહક બનીને....
- જો આપને સ્વયં વિશિષ્ટ મહાનુભાવોમાં વિતરણ કરવાની અસુવિધા હોય તો અમે આપના નામથી વિતરણ કરાવી શકીશું. આ હેતુ માટે અનુદાન આપીને આપ સહયોગી બની શકો છો.
- પ્રકાશિત ગ્રન્થોમાં વિશિષ્ટ સહયોગી અને અગ્રિમ ગ્રાહકો અથવા તેમના દ્વારા નિર્દિષ્ટ મહાનુભાવોનું નામ, ચિત્ર, જીવનવૃત્ત અથવા પરિચય પ્રકાશિત કરવામાં આવશે.
- ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ રકમ રણસિંહ આર્ય ના નામે મોકલવા વિનંતી છે.

- એક લાખ રૂપિયા અથવા તેનાથી વધારે ધનરાશિ પ્રદાન કરનાર સહયોગી/અગ્રિમ ગ્રાહક પોતાના રંગીન ચિત્ર તથા સંક્ષિપ્ત જીવન પરિચય અવશ્ય મોકલાવે.
- એકાવન હજાર પ્રદાન કરનાર મહાનુભાવ પોતાનું રંગીન ચિત્ર અને નામ, સરનામું મોકલાવે.
- એકાવન હજારથી ઓછા અને ઓછામાં ઓછા અગિયાર હજાર પ્રદાન કરનાર મહાનુભાવોના નામ અને સરનામા પ્રકાશિત કરવામાં આવશે.
- દાન દાતાઓને ગ્રંથ પ્રકાશિત થયેથી ભેટરૂપે યથાયોગ્ય નકલો મોકલવામાં આવશે.

અંતમાં જો આપ વૈદિક ધર્મી છો અને વેદ ધર્મનો પ્રચાર-પ્રસાર સર્વત્ર થાય તેવી ઈચ્છા છે તથા ઈશ્વરે આપને ધન અને શ્રદ્ધા પ્રદાન કરી છે તો અમને સહયોગ પ્રદાન કરીને આર્યોચિત ધર્મનું પાલન કરશો, એવા વિશ્વાસ સાથે...

### સૂચના

- અથર્વવેદ ભાષ્ય ( પ્રથમ ખંડ )ના વિતરણ માટે કેટલી પ્રતોની જરૂર છે તે સત્વરે મુખ્ય વિતરકશ્રીને લખી મોકલવા વિનંતી છે.
- ઓછામાં ઓછી ૨૦ પ્રતોના અગ્રિમ ગ્રાહક થનાર સંસ્થા/વ્યક્તિનાં નામ, સરનામાં ગ્રન્થમાં પ્રકાશિત કરવામાં આવશે.

### ★ વાનપ્રસ્થ સાધક આશ્રમ ★

આર્યવન-રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭.
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭, ૨૯૧૫૫૫, ૯૪૨૭૦૫૯૫૫૦
Web : www.vaanaprastharojad.org • E-mail : vaanaprastharojad@gmail.com

## સંત ઓધવરામ વૈદિક ગુરુકુલના આચાર્ય સ્વામી શાંતાનંદજી ઉત્કૃષ્ઠ કામગીરી બદલ મુંબઈ ખાતે સન્માનિત

કચ્છની એક માત્ર વૈદિક પરંપરા પ્રમાણે ચાલતી સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ ભવાનીપર, અબડાસાના આચાર્ય શ્રી શાંતાનંદજીનું માટુંગા સ્થિત હોલમાં મુંબઈના અગ્રણી નાગરિકોની વિશાળ ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું હતું.




વિવિધ સમાજોમાં એકતાનું પ્રતિક બનેલી સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ જાતિ ભેદભાવ વગર સૌને સમાનભાવે



શિક્ષણ અને સંસ્કારો આપી રહી છે. અહીં છેલ્લા ૨૨ વર્ષથી અખંડિત પ્રાતઃ ગાયત્રી યજ્ઞ સાથે બાળકોમાં યોગ-ધ્યાન સાથે લાઠીદાવ અને અંગ કસરતો તેમજ શુદ્ધ ખાન-પાન સાથે શિક્ષણ અપાઈ રહ્યું છે. અહીંની કામધેનુ ગૌશાળામાં ૪૦ થી વધારે ગાયોની સેવા થઈ રહી છે. ગૌદુગ્ધ અને ઘીનો વપરાશ માત્ર વિદ્યાર્થીઓ અને યજ્ઞમાં જ થઈ રહ્યો છે. આસપાસના ગામોમાં વૈદિક વિચાર ધારા સાથે જૂદી જૂદી નૈતિક પ્રચાર-પ્રસારના કાર્યો પણ ગુરુકુલના આચાર્ય સ્વામી શાંતાનંદજી દ્વારા થઈ રહ્યા છે.

આ પ્રસંગે બોલતા સ્વામી શાંતાનંદજીએ કહ્યું હતું કે, જ્યારે મુંબઈના રહેવાસીઓ સુવા જતાં હોય છે ત્યારે અમારા વિદ્યાર્થીઓ સવારે ૪ વાગ્યે ઉઠીને પ્રભુનું સ્મરણ કરતા હોય છે. અને મુંબઈ જ્યારે દાંત ઘસતું હોય ત્યારે ગુરુકુલના વિદ્યાર્થીઓ સવારનું જમાવનું પતાવીને અત્યાસ માટે જતાં હોય છે. આમ ગુરુકુલ-જીવન એક તપસ્યાનું જીવન છે. અહીં ટેલીવીઝન કે અન્ય દુષણોથી દૂર રહેતા વિદ્યાર્થીઓ ભારતના સાચા સનિષ્ઠ નાગરિકો બનતા હોય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજે ગુરુકુલમાં ભણીને મુંબઈમાં સ્થિર થયેલા વિદ્યાર્થીઓ ચા પણ પીતા નથી પછી તો બીજા દુષણોની તો વાત જ ક્યાં આવે છે ?

અત્યાર સુધી ૨૨ વર્ષમાં ૪૫૦ થી વધારે વિદ્યાર્થીઓ ગુરુકુલમાં અભ્યાસ કરી વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરી રહ્યા છે.

સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ, આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ ખાતે આવેલી દર્શન યોગ મહાવિદ્યાલયની છત્ર-છાયામાં ચાલી રહી છે. આ પ્રસંગે શ્રી દિનેશજી આર્ય પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મુંબઈ આર્ય પ્રતિનિધિ સભા દ્વારા યોજાયેલા સન્માન સમારંભમાં ગુરુકુલના ટ્રસ્ટીઓ, શ્રી પરાગભાઈ ખાનીયા, શંકરભાઈ કટારમલ, મથુરા હંજડા, રાજેશ જોયસર, ગોપાલભાઈ કટારમલ તથા મંગલ ભાનુશાલી હાજર રહ્યા હતા. શ્રી પ્રતાપ સુરજી તથા મીઠાઈલાલ શીંહ ના હાથે સન્માન કરવામાં આવ્યું હતું.

અવેક્ષેત ગતીર્નૃણાં કર્મદોષસમુદ્ભવાઃ ।
નિરયે ચૈવ પતનં યાતનાશ્ચ યમક્ષયે ॥

मनुस्मृति ६१(३९)

કર્મોના દોષથી મનુષ્યોની થનારી કષ્ટયુક્ત બૂરી ગતિઓ અને કષ્ટને ભોગવવું તથા પ્રાણક્ષયમાં મૃત્યુ સમયે થનારી પીડાઓને વિચારવી અને તે ઉપર વિચાર કરીને મુક્તિ માટે પ્રયત્ન કરે.

**તંત્રી સ્થાનેથી....**

# સંતમ્ શરણંમ્ ગચ્છામી

ગુજરાત યુનિવર્સિટીની પરિક્ષામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંત અક્ષરાતિત દાસ સામે પરિક્ષામાં કોપી કરવાનો કેસ સામે આવ્યો છે. કાર્યકારી કુલપતિ દ્વારા આ કેસની વધુ તપાસ માટે ત્રણ સભ્યોની કમીટીની નિમણૂંક પણ કરી દેવામાં આવી છે. જે આગામી ત્રણ સપ્તાહમાં તપાસ કરીને તેનો રિપોર્ટ આપશે.

સમગ્ર જગતને ચોરી નહિં કરવાની સુફિયાણી સલાહ આપતા આવા ઢાંગી સાધુઓનો પર્દાફાશ થતાં તેમના અનુયાયીઓએ ચેતી જવાની જરૂર છે. માત્ર સારી સારી વાતો કરવાથી સંત બની જવાતું નથી. તે માટે આચરણ પણ તે જ પ્રકારનું હોવું જરૂરી છે. પરંતુ આજના આ કહેવાતા મત-સંપ્રદાયોના વાડામાં ફસાઈ જતાં લોકો આ પ્રકારના કહેવાતા સાધુ-સંતોના ભગવા કપડાથી અંજાઈ જઈને પોતાની બુદ્ધિને તાળુ મારી દેતા હોય છે. જેનું આચરણ જ તેની વાણી વિરૂદ્ધનું હોય તેની ઉપર કેવી રીતે વિશ્વાસ કરી શકાય ? સ્વામિનારાયણ સંપ્રદાયના આ સ્વામીને પરિક્ષામાં વીઆઈપી સગવડ પૂરી પાડવામાં આવી હોવાનો આક્ષેપ એનએસયુઆઈ દ્વારા કરવામાં આવ્યો છે. તેમના આક્ષેપ મુજબ આ સ્વામીને સમય કરતાં વહેલું પેપર આપી દેવામાં આવ્યું હતું. તેમને અલગ રૂમ પણ ફાળવવામાં આવ્યો હતો.

આમ જનતાને મુર્ખ બનાવતા આવા સંપ્રદાયના વાડાઓથી બચાવ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ આપણને ચેતવ્યા જ હતા. પરંતુ સમાજને પાખંડ અને મુર્તિપૂજાના ચક્કરમાં ફસાવીને આ સંપ્રદાયો અપાર સંપત્તિ એકઠી કરી પોતાના અંગત સ્વાર્થને પોષી રહ્યા છે. આવા ભગવાધારીઓથી આપણે માત્ર બચવાનું જ નહિં પરંતુ આવા પાખંડીઓને તેમના અંગત સ્વાર્થ માટે લોકોની ભાવના સાથે ચેડા કરતાં રોકવા એ પણ આપણી ફરજ છે. આવો આપણે આ ફરજ બજાવવાની આજથી જ શરૂઆત કરીએ....

# સૃષ્ટિનાં આદિકાળથી ઈશ્વર દ્વારા સંસ્થાપિત માનવ-ધર્મ એટલે વૈદિક ધર્મ

सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम्
देवा भागं यथापूर्वे संजानाना उपासते ॥ १॥

समानो मन्त्रः समितिः समानि समानं मनः सह चित्तमेषाम् ।
समानं मन्त्रमभिमन्त्रये वः समानेन वो हविषा जुहोमि ॥ २॥

समानी व आकूतिः समाना हृदयानि वः ।
समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥ ३॥

ऋग्वेद । मंडळ-१०, सूक्त-१९४ मं.-२,३,४

હે મનુષ્યો ! संगच्छध्वम् = હળી-મળીને ચાલો અર્થાત્ આચરણ કરો, संवदध्वम्=મળીને સાથે સાથે બોલો, वः मनासि=युष्माकम् मनांसि संजानताम् = તમારા બધાનાં મન મળીને જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કરે અર્થાત્ સમાન જ્ઞાનવાળા થાય; यथा=જેમ કે पूर्वे देवाः=પૂર્વના દેવલોકો (પૂર્વજો) મળીને, સમાન વિચારવાળા બનીને, भागम् उपासते=સેવનીય વસ્તુની=પોતાનાં ન્યાયપૂર્વક ભાગની ઉપાસના કે ઉપલબ્ધિ કરતા રહ્યાં છે, તેમજ તમે બધા પણ પૂરૂષાર્થપૂર્વક સંગઠિત અને સમાન મતવાળા બની પોતાના ઈષ્ટને પ્રાપ્ત કરો. ।।૧।।

હે મનુષ્યો ! समानो मन्त्रः=તમારા સત્ય-અસત્ય વિશેના વિચારો સમાન થાય, समितिः समानी=બધા જ મનુષ્યોનાં માન, જ્ઞાન, વિદ્યાભ્યાસ, સત્કાર્યો, રાજ્ય-પ્રબન્ધ વગેરે યથાવત્ કરવા તેમજ તેમની બુદ્ધિ, શરીર, બળ, પરાક્રમ, પરમાર્થ, વ્યવહારુ, મર્યાદા અને પરમ્પરાઓ એક સરખી જ રાખવા વિવિધ સમિતિઓ=સંગઠનો સમાન ઉદ્દેશવાળી થાય; समानं मनः सह चित्तं=હે મનુષ્યો ! તમારા માનસિક સંકલ્પ-વિકલ્પ અવિરોધી થાય અર્થાત્ તમે મન વડે શુભ-ગુણોની પ્રાપ્તિની અને દુષ્ટ ગુણો ત્યાગવાની ઈચ્છા કરો, તમારા ચિત્ત કે મન વડે બધા જ અર્થોનું સ્મરણ અર્થાત્ વિવિધ કર્મો વિશેનાં વિચારો પણ સમાન બને.

सह=શુભ સંકલ્પો અને સ્મરણો સાથે પ્રાણીમાત્રનાં સુખ અર્થે પ્રયત્નશીલ રહો, एषां=આવા પરોપકારી લોકોને હું પોતાનો કૃપા-પાત્ર બનાઉં છું; समानं मन्त्रमभिनन्त्रये वः=હે મનુષ્યો ! તમારા માટે મારી આ આજ્ઞા અને આશીર્વાદ છે કે તમે સત્ય-ધર્મની વૃદ્ધિ અને અસત્ય-ધર્મનાં નાશ માટે પરસ્પર અનુકૂળ બની પ્રવૃત્ત થાવો. समानेन वो हविषा जुहोमि=હે મનુષ્ય લેંકે ! તમે ધર્મ=ન્યાયથી યુક્ત બની પરસ્પર પદાર્થોની આપ-લે કરી એક બીજાને પરિપુષ્ટ કરો, ધર્મથી વિરુદ્ધ વ્યવહાર ન કરો, નિશ્ચિતપણે જાણો કે હું જ સત્ય ધર્મ સાથે તમારા અને તમારા સાથે સત્યનો સંયોગ કરાઉં છું અર્થાત્ હું જ સત્ય-ધર્મનો સંસ્થાપક છું. ।।૨।।

હે મનુષ્ય લોકો ! समानी व आकूतिः=તમારા વિચાર, નિશ્ચય, આચરણ, સામર્થ્ય, પુરૂષાર્થ વગેરે જીવમાત્રને સમાન રીતે સુખદાયક બને, समाना हृदयानि वः=તમારા અન્તઃકરણ અર્થાત્ હાર્દિક અને માનસિક વ્યવહારો પરસ્પર પ્રેમયુક્ત અને પારસ્પરિક વિરોધોથી પૃથક રહે; समानमस्तु वो मनः=વિચારપૂર્વક વ્યવહારોને ગ્રહણ કરવું, વિદ્યાદિ વગેરે શુભગુણોને પ્રાપ્ત કરવાની ઈચ્છા, કામ કરતાં પહેલાં સર્વ સંદેહોને નિર્મૂળ કરી શ્રદ્ધાપૂર્વક-સત્યનિષ્ઠાપૂર્વક તેમનું અનુષ્ઠાન કરવું, અવિદ્યા, કુતર્ક, દુષ્ટકર્મ, નાસ્તિકતા, અન્યાય વગેરે દુર્ગુણોથી પૃથક રહેવું વગેરે વિવિધ બાબતોમાં સમાન વિચારવાળા બની એકમત અને

## વેદવાણી

**(૧) - અવધેશપ્રસાદ પાંડેય ( ગાંધીનગર)**

એકરસ=સમરસ બનો. મન વડે ધૈર્ય, મર્યાદા, લજ્જા, ભ્રષ્ટાચારણ પ્રત્યે ભયયુક્ત બની ધર્મ-માર્ગનાં પથિક બનો. यथा वः सुसहासति=હે મનુષ્યેં ! જેવી રીતે ઉપરોક્ત ધર્મોપદેશ કરવામાં આવ્યું છે, તેવી જ રીતે જો તમે ધર્મ=કર્ત્યવ્યોનું સેવન કરશો તો તમે બધા સુખ, સમૃદ્ધિ, તૃપ્તિ, નિર્ભયતા વગેરે સમ્પત્તિઓને પ્રાપ્ત કરશો અર્થાત્ પરસ્પર સંગઠિત બની એક બીજાની સેવા-સહાયતા દ્વારા શ્રેય-પ્રાપ્તિના માર્ગે આગળને આગળ પ્રગતિ કરતા રહેશો. બધાને સુખી કરવાનો 'પ્રયત્ન=પુરુષાર્થ' જ આધ્યાત્મિક વિભૂતિઓ પ્રાપ્ત કરાવવામાં મુખ્ય સાધન છે.

ઉપરોક્ત વેદમંત્રોમાં 'વૈદિક ધર્મ' વિશેની સાર્વભૌમ તેમજ બ્રહ્માંડ વ્યાપી સંકલ્પના સ્વયં પરમપિતા પરમાત્મા દ્વાર પ્રસ્તુત કરવામાં આવ્યું છે. સૃષ્ટિનાં આદિકાળથી ઈશ્વર દ્વારા સંસ્થાપિત માનવ-ધર્મ એટલે વૈદિક ધર્મ. બધી જ સત્યવિદ્યાઓનું મૂળ 'વેદ' આપણી પૃથિવી પૂરતી જ નહિ, પરંતુ અખિલ બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવતી તમામ પૃથિવીઓ ઉપર નિવસતાં મનુષ્ય-માત્રનાં કલ્યાણાર્થે પ્રભુ વડે અર્પિત અનુપમ 'ભેટ' છે. પ્રાણી-માત્રના કલ્યાણ અને મનુષ્ય-જાતિનાં વિકાસ-પ્રયોજનને સિદ્ધ કરવા આપણા બધાનાં આદિ પરમગુરુ પરમાત્માએ શબ્દ સંદેશના સ્વરૂપમાં સ્વતઃ પ્રમાણસ્વરૂપ શાસ્ત્ર વેદને આપ્યાં છે. આવા સાર્વભૌમ અને સ્વસ્તિકારક ઈશ્વરીય દિવ્ય સંદેશની અવગણના

### ભૌતિક ઐશ્વર્ય માત્રની વાસ્તવિકતાને વિચારતો, બોલતો અને તેમની તરફ ચાલતો સમાજ પાંગળી એકાંગીય વ્યક્તિઓનો સમાજ છે.

કરીને આપણે અનેક વિસંવાદી મતો, પંથો, સમ્પ્રદાયો, રાજ્યોમાં વિર્ઘટિત થઈ અનિષ્ટ માર્ગોના અનુયાયી બની ગયા છીએ.

વેદમંત્રનો ઉપદેશ મનુષ્યમાત્ર માટે છે. વિશ્વના બધા જ મનુષ્યો જીવનની સ્પર્શતી બધી જ બાબતો વિશે જ્યારે ઊહાપૂર્વક એક નિર્ણયાત્મક મતવાળા બની જાય છે, ત્યારે જ 'સમાજ'ની રચના અથવા સમાજનું યથાવત્ સ્વરૂપ અભિવ્યક્ત થાય છે. સંગચ્છધ્વં સંવદધ્વમ્ અને સંજાનતામ્ પદોમાં સામાન્યરીતે પ્રયુક્ત 'સમ્' ઉપસર્ગ મનુષ્યની ચાલ (વ્યવહાર) વાણી અને જ્ઞાનની વિશેષતા દર્શાવે છે.

'સમાજ' શબ્દમાં પણ સમ્ (સમ્ + અજ) ઉપસર્ગ, સમાન ઉદ્દેશ્ય સાથે પ્રવૃત્ત મનુષ્યોનું સંગઠિત સ્વરૂપ પ્રકટ કરવા માટે જ પ્રયુક્ત છે. ઘેટાઓ કે પશુઓનું સમૂહ એક સાથે એક જ દિશામાં ગતિ કરતા હોય તો તેનાથી કંઈ સમાજનું નિર્માણ થઈ જતું નથી. સમાજનું અસ્તિત્વ સમાન વિચારધારાને આધારે જ સંભવે છે. પશુઓમાં વિચારવાની શક્તિનો અભાવ છે, તેથી તેઓનાં વિશિષ્ટ પ્રયોજનોનો પણ અભાવ છે. તે સ્વાભાવિક રીતે સાથે - સાથે રહી સામાન્ય કક્ષાનું જીવન જીવે છે. પશુઓની ચાલવાની, ધ્વનિ કરવાની તેમજ જાણવાની ક્ષમતા સાર્વભૌમ રીતે સમાન છે. ગમે તે પ્રશિક્ષણ આપવામાં આવે તો પણ પશુઓમાં કંઈક વિશેષ યોગ્યતા જેમ કે સુસંસ્કૃત ભાષા કે વિચાર ઉપલબ્ધ થઈ શકે નહિ અર્થાત્ 'સમાજ' પદનો પ્રયોગ પશુવૃત્તિવાળા પ્રાણીઓ માટે થઈ શકે નહિ. મનુષ્ય જાતિને પ્રાપ્ત આત્માઓ પણ જો વિચાર-સામર્થ્યથી શૂન્ય હશે તો તેમનાં અબજોનાં સમૂહ પણ 'સમાજ' તરીકે પ્રતિષ્ઠિત થઈ શકે નહિ. જીવનમાં એક-બે અંગોને સ્પર્શતી બાબતે વ્યક્તિઓની સમાન ગતિ પણ 'સમાજ' સ્વરૂપતાને પ્રાપ્ત થઈ શકે નહિ. જીવનને સમુત્કર્ષ-નિઃશ્રેયસ્ સુધી લઈ જનાર સર્વાંગીણ વિચારધારાને અવિરોધપણે ધારણ કરનાર દેવપુરુષોનું સંઘઠન 'સમાજ' તરીકે પ્રકાશિત થાય છે. 'સમાજ' એ દેવોનું સમ્યક્ અને સુસંગઠિત મૂર્તરૂપ છે. સમાજનું નિર્માણ આકસ્મિક થતું નથી. દેવપુરુષો રામ અને કૃષ્ણ કોઈ આકસ્મિક રીતે વિરાટ-વ્યક્તિત્વને પ્રાપ્ત થયા નથી, પરંતુ તેમને વૈદિક-ગુરુકુળીય પરમ્પરાનુસાર મહાન બનાવવામાં આવ્યા હતા.

(ક્રમશઃ)

# સાચો જનસેવક

મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના પ્રધાનમંત્રી આચાર્ય ચાણકયની ઝુંપડીમાં એક દિવસ એક મહાત્મા પધાર્યા. ભોજનનો સમય હતો. આચાર્યએ અતિથિને વિનંતી કરી કે તેઓ તેમની સાથે ભોજન કરે. મહાત્માએ તેમની વિનંતીનો સહર્ષ સ્વીકાર કર્યો. ભોજન તૈયાર થતાં પીરસવામાં આવ્યું. ભોજન ઘણું સાદુ હતું. થોડો ભાત, કઢી અને એક શાક.

મહાત્માને ખૂબ જ આશ્ચર્ય થયું. છેવટે તે બોલી ઉઠયા-'આપ આ મોટા સામ્રાજ્યના નિર્માતા અને શક્તિશાળી પ્રધાનમંત્રી છો, છતાં પણ આટલું સાદું જીવન કેમ વીતાવો છો ?'

આચાર્ય ચાણક્યએ કહ્યું-'જનતાની સેવા માટે હું પ્રધાનમંત્રી બન્યો છું. એનો અર્થ એ નથી કે રાજયની સંપત્તિનો હું દૂરુપયોગ કરું. આ ઝુંપડી પણ મેં પોતાના હાથથી બનાવી છે.'

મહાત્મા બોલી ઉઠયા-'આપ પોતાની આજીવિકા માટે શું કરો છો ?' ચાણકયએ જવાબ આપ્યો-'હા, હું ભાષ્ય અને પુસ્તકો લખું છું. હું પ્રતિદિન રાજય માટે આઠ કલાક અને પોતાના અને પરિવાર માટે ચાર કલાક કામ કરું છું. મારો પ્રયત્ન રહે છે કે રાજયમાં કોઈ દુઃખી ન રહે.'

મહાત્માએ કહ્યું-'અહીં તો કોઈ દુઃખી નથી, પરંતુ નજીકના ગામમાં લોકો ઘણા દુઃખી છે. કારણ કે કોઈ ચોર તેઓના ધાબળા ચોરી જાય છે.'

આચાર્ય ચાણક્યએ તરત તે દુઃખી ગામવાળાઓ માટે રાજભંડારમાંથી ધાબળા મંગાવ્યા. રાત્રે તે ધાબળા પોતાની ઝુંપડીમાં જ રાખ્યા હતાં. ચોર તે ધાબળા ચોરવા માટે તે રાત્રે જ ચાણકયની ઝુંપડીમાં ઘૂસ્યાં. તેઓએ જોયું કે પ્રધાનમંત્રી ચાણકય પોતે જુનો-ફાટેલો ધાબળો ઓઢી સૂતા હતા. ચાણકયની પત્ની અને માતા પણ જુનો ધાબળો ઓઢી સૂતા હતા. બાજુમાં જ નવા ધાબળાઓનો ઢગલો અલગ રાખવામાં આવ્યો હતો. ચોરો પ્રધાનમંત્રી ચાણકયની સ્વાર્થહીનતા જોઈ ચકિત થઈ ગયા અને પોતે કરેલ કાર્ય બદલ પસ્તાવા લાગ્યા.

બીજા દિવસે જયારે ગામલોકો જાગ્યા ત્યારે તેઓના ધાબળા દરવાજા બહાર જોવા મળ્યાં. મૌર્ય સામ્રાજ્યમાં આ ઘટના પછી કોઈ ચોર રહયો જ નહિ. બધા ગામલોકો નિર્ભયતાપૂર્વક સુખેથી જીવવા લાગ્યાં.

**ઉપદેશ કથા**

- મહેન્દ્ર ગાંધી

# ઘરમાં રાખવા જેવી આવશ્યક વસ્તુઓ

**હીમેજ** - પાવડર કરી જ્યારે કબજીયાત કોઈપણ દર્દ હોય તો ૧ ચમચી હીમેજ પાણી સાથે ફાકી જવી.

**સૂંઠ** - શરીર એક દમ ઠંડુ પડે તો અરુચિમાં એકદમ ચૂંક આવે તેમાં અને સળેખમમાં ૫ ગ્રામ સૂંઠ ગોળ સાથે ખાવી.

**ગંઠોડા** - નિદ્રા ન આવતી હોય તો ૨ ગ્રામ ગંઠોડા ગોળની સાથે લેવા.

**સંચળ** - પેટમાં આફરો આવતો હોય તો ૨ ગ્રામ સંચળ ગરમ પાણી સાથે લેવું.

**હિંગ** - અપાન વાયુ અવરોધ કે વાયુ ઉપર તરફ આવે ત્યારે ૨ થી ૫ ગ્રામ પાણી સાથે લેવી.

**વાવડીંગ** - રસાયન કૃમિ દૂર કરનાર, તાવ, ઉલ્ટી, લાળ વગેરેમાં વાવડીંગ ઉકાળી તેનું પાણી આપવું.

**ત્રિકટૂ** - સૂંઠ, મરી, પીપર, સમપ્રમાણમાં ભરી રાખવું. શરદી તાવ, સુસ્તી બેચેની હોય તેમાં ઉકાળો બનાવી તુલસી, ફુદીનો નાખી પીવો.

**લસણ** - ઘી સાથે સાંતળીને હંમેશા લેવું. લસણની ચટણી ખાવી.

**ગરમાળાનો ગોળ** - ૫ થી ૧૦ ગ્રામ પાણી સાથે ઉકાળીને પીવો જેથી કબજીયાત અને સોજા તથા દુઃખાવો દૂર થાય.

**કડુ** - તાવ ઉતર્યા બાદ ઉકાળો પીવા.

**જવ** - ઝાડો-પેશાબ બરાબરના ઉતરે તો તેનું ઉકેળેલું પાણી તથા રોટલી ખાવી.

**જેઠીમધ** - ખાંસી, કફ વધ્યો હોય ત્યારે ૫ ગ્રામ પાવડર મધ સાથે ચાટવો.

**મીંઢળ** - ખોરાકમાં કંઈ ખવાઈ જાય તો આની ફાકી મારી ઉપર ગરમ પાણી પીવું. જેથી ઝેર વગેરે ઉલ્ટી દ્વારા બહાર આવે.



ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...

www.santodhavramvedicgurukul.com

# જે વ્યક્તિ સમયનું મૂલ્ય સમજે છે તે જ સંસારમાં સુખી થાય છે

પ્રત્યેક વ્યક્તિ સુખ ઈચ્છે છે દુઃખ કોઈ નથી ઈચ્છતું. પરંતુ સુખ પ્રાપ્ત કરવા માટે અમુક નિયમો છે. જો આપણે તે નિયમોનું પાલન કરીશું તો સુખ મળશે, નહીંતર દુઃખ મળશે, હાનિ થશે. સુખ પ્રાપ્તિ માટે, ઉન્નતિ માટે સેંકડો નિયમ છે. એક એક નિયમને જો આચરણમાં મૂકીએ તો ખૂબ સુખ મળે છે. પરંતુ વ્યક્તિ આ નિયમોનું પાલન નથી કરતી, પરિણામે દુઃખી જોવા મળે છે.

એક મહત્વનો નિયમ છે - સમયનું પાલન કરવું. જો વ્યક્તિ સુખી થવા ઈચ્છે તો તેને સમયનું પાલન બરાબર કરવું જોઈએ. સમયપાલન પ્રત્યે આપણે કેટલાં જાગૃત છીએ તે જોવું જોઈએ. જે સમયનું પાલન કરે છે તે બુદ્ધિમાન છે. કોઈપણ કાર્યક્રમમાં સમયસર પહોંચી જઈએ તો વિશેષ લાભ મળી શકે છે. હા, ક્યાંય જતી વખતે ગાડીમાં પંચર થઈ જાય, ફાટક બંધ હોય, કોઈ મહેમાન આવી જાય, ફોન આવી જાય તો શક્ય છે આપણે ત્યાં મોડા પહોંચીએ પરંતુ આવા કોઈ કારણો ન હોવા છતાં આળસનાં કારણે મોડા જઈએ તો આપણે સભ્યતાનું પાલન નથી કરતા. ઈન્ટર્વ્યુ આપવા જવાનું હોય, પરીક્ષા આપવા જવાનું હોય ત્યાં જો મોડા પહોંચીએ તો ? વિચારો કેટલું નુકસાન થાય છે. ટ્રેનમાં જવાનું હોય અને બે-પાંચ મિનિટ મોડા પહોંચીએ તો ટ્રેન જતી રહે. આજે લોકો મોડા જવા ટેવાઈ ગયા છે. કોઈ પૂછે કેમ મોડા આવ્યા તો કહેશે 'ઈન્ડિયન ટાઈમ'. ઈન્ડિયન ટાઈમ કહી દેશને બદનામ કરી દીધો છે. સમય ખૂબ જ કિંમતી છે. એક-એક ક્ષણ કિંમતી છે. તો આપણે આળસુ બન્યા વિના સમયનું બરાબર પાલન કરવું જોઈએ. જ્યારે સમય વીતી જાય છે ત્યારે પસ્તાવો થાય છે. વૃદ્ધાવસ્થામાં વાત સમજાય છે ત્યારે ખૂબ મોડું થઈ જાય છે. યુવાનોને કહેવામાં આવે કે યુવાવસ્થામાં ભગવાનની ભક્તિ કરી લો, યોગાભ્યાસ કરી લો, યજ્ઞ કરો. સ્વાધ્યાય કરો તો કહેશે સમય નથી. ૨૪ કલાક આપણી પાસે છે. બીજા કાર્યો માટે સમય છે પણ અડધો કલાક ઈશ્વરનું ધ્યાન કરવા માટે સમય નથી. સ્વાધ્યાય, સત્સંગ, સેવા માટે યુવાનો તૈયાર નથી, કારણ કે સમયનું મૂલ્ય નથી સમજતા. જ્યારે સમજમાં આવે છે ત્યારે શક્તિ ખતમ થઈ ગઈ હોય છે. વૃદ્ધો યોગાભ્યાસ શીખવા માટે આવે છે પણ આસન લગાવી બેસી નથી શકતા. આંખમાં જોવાની શક્તિ કમજોર હોય, કાનથી સાંભળી ન શકે, હાથ-પગ ધ્રુજતા હોય, બુદ્ધિમાન વ્યક્તિએ આખા દિવસમાં કયા સમયે કયુ કાર્ય કરવું તેનું ટાઈમટેબલ બનાવી તે પ્રમાણે આચરણ કરવું જોઈએ. જેથી તે પ્રગતિ કરી શકે. આ બાબત લાગે છે નાની પણ છે ખૂબ મૂલ્યવાન. જે વ્યક્તિ સયમનું પાલન કરે છે, સમયનું મૂલ્ય સમજે છે તે જ સુખી થાય છે.

**(સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકજીના વ્યાખ્યાનમાંથી)**

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

**અગ્નિપથ**

વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-
આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.

AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

# अग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान्। युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्तिं विधेम।।

(यजु.अ.४०/मं.१६)

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप**

**१८** संकलन : स्वामी ध्रुवदेवजी परिव्राजक
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ (१) :-**

हे (**अग्ने**) स्वप्रकाश ज्ञानस्वरूप सब जगत् के प्रकाश करने हारे सब दुःखों के दाहक सबके नेता (**देव**) दिव्यस्वरूप सकलसुखदाता या मनोहर आनन्द को देने वाले करूणामय जगदीश्वर ! आप जिससे (**विद्वान्**) सम्पूर्ण विद्यायुक्त सकल शास्त्र वेत्ता या सबको जानने वाले हैं, कृपा करके (**अस्मान्**) हम अभ्युदय और निःश्रेयस सुख की कामना करने वाले लोगों को (**राये**) विज्ञान, मोक्षसुख व राज्यादि ऐश्वर्य की प्राप्ति के लिये (**सुपथा**) अच्छे धर्मयुक्त आप्त लोगों के मार्ग से, वेदोक्त धर्ममार्ग से या धर्मयुक्त सरल मार्ग से (**विश्वानि**) सम्पूर्ण (**वयुनानि**) उत्तम उत्तम ज्ञान और उत्तम कर्म (**नय**) प्राप्त कराईये और (**अस्मत्**) हम लोगों से (**जुहुराणम्**) कुटिलतायुक्त या खोटी चाल से उत्पन्न हुए पक्षपात सहित (**एनः**) अपराध पापरूपकर्म को (**युयोधि**) पृथक् कीजिए या दूर रखिये और इस अधर्माचरण से हमको दूर रखिये इस कारण हम लोग (**ते**) आपकी (**भूयिष्ठाम्**) अत्यन्त (**नम उक्तिम्**) नम्रतापूर्वक प्रशंसा या सत्कारपूर्वक प्रशंसा (**विधेम**) सदा किया करें और सर्वदा आनन्द में रहें । (स.वि. + ऋ. दया. कृत यजुर्वेदभाष्य व ऋग्वेदभाष्य)

**अग्ने नय सुपथा ................नमउक्तिं विधेम स्वाहा।।**

(यजु.अ.७/मं.४३)

**पदार्थ (२) –**

हे (**अग्ने**) सबके प्रकाशक जगदीश्वर ! आप (**राये**) योग की सिद्धि के लिये (**अस्मान्**) हम योगी लोगों को (**विश्वानि**) सब (**वयुनानि**) योग के विज्ञानों को (**सुपथा**) योगमाार्ग से (**नय**) प्राप्त कराओ। जिससे हम लोग (**स्वाहा**) अपनी सत्यवाणी वा वेदवाणी के द्वारा (**ते**) योगोपदेष्टा परमगुरु आपकी (**भूयिष्ठाम्**) अत्यन्त (**नम उक्तिम्**) नम्रतापूर्वक स्तुति (**विधेम**) करें।

हे (**देव**) योग विद्या के दाता ! (**विद्वान्**) सब योग को जानने वाले जगदीश्वर ! आप कृपा करके (**जुहुराणम्**) हमारे अन्तःकरण की कुटिलता को और (**एनः**) दुष्टतारूप अपराध को (**अस्मत्**) हम योगी जनों के पास से (**युयोधि**) दूर कीजिये।

(ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ. ७/मं.४३)

**भावार्थ (१) –**

कोई भी पुरुष परमात्मा की सच्ची प्रेमभक्ति के बिना योगसिद्धि को प्राप्त नहीं कर सकता। और जो सच्ची प्रेमभक्ति से योगबल के द्वारा परमेश्वर को स्मरण करता है उसे वह दयालु परमात्मा शीघ्र योगसिद्धि प्रदान करता है।

(ऋ. दया. कृत यजुर्वेदभाष्य)

**भावार्थ (२) :-**

ईश्वर का उपदेश है कि जो सत्यभाव से परमेश्वर की उपासना करते, यथा शक्ति उसकी आज्ञा का पालन करते और सर्वोपरि सत्कार के योग्य परमात्मा को मानते हैं उनको दयालु परमात्मा ईश्वर पापाचरणमार्ग से पृथक् कर धर्मयुक्त मार्ग में चला के विज्ञान देकर धर्म, अर्थ, काम और मोक्ष को सिद्ध करने के लिये समर्थ करता है इससे एक अद्वितीय ईश्वर को छोड़ किसी की उपासना कदापि न करें।

(ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ. ४०/मं.१६)

**भावार्थ (३) :-**

ईश्वर आज्ञा देता है कि मनुष्यों को धर्म व विज्ञानमार्ग की प्राप्ति और अधर्म की निवृत्ति के लिये परमेश्वर की अच्छी प्रकार प्रार्थना करनी चाहिए और सदा सुमार्ग से चलना चाहिए, दुःखरूपी अधर्म मार्ग से अलग रहना चाहिए, जैसे विद्वान् लोग परमेश्वर में उत्तम अनुराग करते वैसे अन्य लोगों को भी करना चाहिए।

(ऋ. दया. कृत ऋग्वेदभाष्य मं.१/सू.१८९/मं.१)

**भावार्थ (४) :-**

इस मन्त्र में उपमा अलंकार है। ईश्वर की आज्ञा है कि जैसे प्रेम से उपासना किया हुआ जगदीश्वर जीवों को दुष्टमार्ग से हटाकर धर्ममार्ग में लगाकर ऐहिक और पारमार्थिक सुख उनके कर्मानुसार प्रदान करता है वैसे न्यायाधीश लोग भी किया करें। (ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ.५/मं.३६)

# પ્રત્યેક કાર્ય કરતી વખતે તેના પરિણામ, પ્રભાવ અને ફળ સુધી વિચારવું જોઈએ

**સત્યોપદેશ**

ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે) **૨૩**



**વ્યવહાર**

૩૪. કોઈ વ્યક્તિ કોઈ પર રૂપમાં આપણો ઉપકાર કરે તો આપણે પણ તેની સાથે તેવો જ ઉપકાર કરીએ- એ આવશ્યક નથી, પરંતુ અન્યત્રપણ ઉપકાર કરી શકીએ છીએ, કારણ કે વ્યક્તિ પ્રત્યે રાગની સંભાવના રહે છે. તે સિવાય સમસ્ત સંસારનો વૈભવ ઈશ્વરનો છે અને આપણે ઈશ્વરના છીએ તો કોઈનું પોતાનું કંઈ નથી. પરંતુ આપણે પુરુષાર્થ કરવાનો છે અને તે પુરુષાર્થને અપ્રાપ્તની પ્રાપ્તિ, પ્રાપ્તની રક્ષા, વૃદ્ધિ અને ધર્મકાર્યમાં લગાવવાનો છે.

૩૫. વ્યક્તિ લગભગ પોતાને સંબંધિત લોકો દ્વારા પ્રતિકૂળ વ્યવહાર મળવાથી અથવા દોષ થઈ જવાથી ક્ષુબ્ધ, દુઃખી થઈ જાય છે. તે વિચારે છે કે વારંવાર સમજાવવા છતાં એક કેમ કરે છે ? નિકટ રહેનારાઓથી તેવું અધિક થાય છે તથા દૂર રહેનારાઓથી તેવું કમ થાય છે, કારણ કે સાથે રહેવાથી અધિક વ્યવહાર-સંબંધ હોવાથી અધિક દોષ દેખાય છે, દૂર વ્યક્તિઓના કમ, અન્ય પણ ઘણાં કારણો હોઈ શકે છે. પરંતુ આ પ્રકારના વ્યવહારો યોગમાં બાધક છે. સામેવાળો સ્વતંત્ર છે, આપણે તેને આપણી ઈચ્છાનુસાર ચલાવી શકીએ નહીં, સામેવાળો અનુકૂળ પણ અને પ્રતિકૂળ પણ કરી શકે છે, તેથી માનસિક સ્તર પર અત્યંત સાવધાની-પૂર્વક યમ-નિયમોનું પાલન કરવાનું છે.

૩૬. સાથે રહેનાર સાથી જો પોતાનુ કાર્ય સમયસર ન કરે અને અધિકારીને સૂચના આપી દેવાથી પણ ગુસ્સે થાય કે આપણે તેનો દોષ દર્શાવવવાની દ્રષ્ટિથી એવું કર્યું છે તો સર્વ પ્રથમ તેને સૂચના દઈ સાવધાન કરો. તેને જાતે પૂછો કે જો તમારી પાસે સમય ન હોય તો હું આ કાર્ય કરી શકુ ? સ્વયં પણ કરવાનો ઈન્કાર કરે, ન આપને કરવાનું કહે, ત્યારે અધિકારીને પૂછવું. પરંતુ મનમાં તેના કલ્યાણની ભાવના રાખવી, એવું નહિં કે આ કાર્ય કરતો જ નથી તો મારે તે કરવું જ પડશે, એવું વિચારી ઉપેક્ષા કરે તો યોગમાં ગતિ થશે નહીં.

૩૭. પોતાથી સંબંધિત વ્યક્તિને પૂછવું કે હું આપની સાથે કેવા પ્રકારનો ધર્મયુક્ત વ્યવહાર કરું કે જેનાથી આપને કમ સે કમ કષ્ટ પહોંચે અથવા ન પહોંચે, એવું વિચારી ઉપેક્ષા કરે તો યોગમાં ગતિ થશે નહિં.

૩૮. માનસિક સ્તર પર એમ માનવું કે મારામાં એ ગુણ હોવાથી હું સેવા કરી રહ્યો છું, મને યશ મળશે- એવું વિચારવું નહીં. કારણ કે સમસ્ત સાધનો જેનાથી આપણે સેવા કરી રહ્યા છીએ તે ઈશ્વર પ્રદત્ત છે. તેથી મુખ્ય સામર્થ્ય તો ઈશ્વરનું છે, આપણું તો નામમાત્ર છે.

૩૯. કોઈ પણ નવા કાર્યને કેવળ પોતાની જિમ્મેદારી પણ અથવા પોતાના અધિકારમાં રાખીને કરવું જોઈએ નહીં, અન્યથા તેમાં કેટલાક દોષ આવી જશે. એ નવું કાર્ય બીજા માટે પ્રતિકુળ હોવાથી તે વ્યક્તિ વાદ-વિવાદ, તું-તું, હું-હું ઝઘડા આદી કરી શકે છે.

૪૦. પ્રત્યેક કાર્ય કરતી વખતે તેના પરિણામ, પ્રભાવ અને ફળ સુધી વિચારવું જોઈએ, ત્યારે આર્યસમાજનો પાંચમો નિયમ પૂરો થશે. આ નિયમ મુક્તિ સુધીના ફળને દર્શાવે છે કે અમુક કાર્ય મુક્તિ પ્રાપ્તિમાં સહાયક છે કે બાધક છે.

૪૧. પ્રશ્ન - બીજાની ઉન્નતિ જોઈને કેવી રીતે પ્રસન્ન રહેવું જોઈએ ?

જવાબ : સર્વ કંઈ ઈશ્વરનું માનવું, સ્વયં માટે સુખ-સુવિધાની ઈચ્છા ન કરવી અને એવું વિચારવું કે જો હું ઈશ્વરને છોડી તેની પાછળ દોડીશ તો રાગ આદિ કલેશોથી પિસાઈ જઈશ. તે સિવાય વિવેક-વૈરાગ્ય, ઈશ્વરોપાસના આદિ કરવાથી આ સ્થિતિ બને છે. સઘળું ઈશ્વરમાં છે, સર્વમાં ઈશ્વર છે - એવું માનીને તે ઈશ્વરને છોડતો નથી અને બીજાની ઉન્નતિ જોઈને પ્રસન્ન રહે છે.

૪૨. પ્રત્યેક શુભ કાર્યનાં આરંભમાં, મધ્યમાં અને અંતમાં ઈશ્વરની સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના કરવી જોઈએ. તેનાથી એક તો તે કાર્ય સરળતાથી થઈ જાય છે, બીજું મિથ્યાભિમાન રહેતું નથી, ત્રીજું-હું અને મારું નષ્ટ થઈ જાય છે, આ એક શિષ્ટ વ્યવહાર છે.

(ક્રમશઃ)

# જો ગૃહસ્થાશ્રમ ન હોત તો સંતાનોત્પત્તિ ન થવાથી બ્રહ્મચર્યાશ્રમ અને સંન્યાસાશ્રમ ક્યાંથી થાત?



**આર્યસમાજની માન્યતાઓ**

લેખક : ગજાનંદ આર્ય **૧૯** અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

**સ્વર્ગ-નરક**

સ્વર્ગ અને નરક - આ નામનાં કોઈ સ્થાનવિશેષો નથી, બલ્કે મનુષ્યજીવનમાં પ્રાપ્ત થતા સુખવિશેષ ભોગ અને તેની સામગ્રીની પ્રાપ્તિનું નામ 'સ્વર્ગ' છે અને દુઃખવિશેષ ભોગ અને તેની સામગ્રીની પ્રાપ્તિનું નામ 'નરક' છે. ટૂંકમાં, સ્વર્ગ-નરક કોઈ ભૌગોલિક સ્થાન નથી.

**વર્ણવ્યવસ્થા**

મનુષ્યોની યોગ્યતા અને પુરુષાર્થ પર આધારિત પ્રાચીનકાળની વર્ણવ્યવસ્થા આપણા સામાજિક જીવન માટે ઉત્તમ વરદાનરૂપ હતી. પરંતુ સમય જતાં આ વર્ણવ્યવસ્થા જન્મના આધારે નક્કી થવા માંડી અને એ સામાજિક જીવન માટે અભિશાપરૂપ બની ગઈ.

આર્યસમાજ ગુણ-કર્મ-સ્વભાવ આધારિત વર્ણવ્યવસ્થાને પુનઃ પ્રચલિત કરવા ઈચ્છે છે. આર્યસમાજના પ્રયત્નથી આજે અનેક વ્યક્તિઓ પોતાના ગુણ મુજબ વર્ણસ્થ થઈ પણ છે, પરંતુ આ રોગ આપણામાં બહુ જ ઊંડે સુધી ઘર કરી ગયો છે અને જ્યાં સુધી શિક્ષણના ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન કરવામાં નહિ આવે ત્યાં સુધી આ કુપ્રથામાંથી સમાજ મુક્ત થવાનો નથી.

જન્મગત જાતિપ્રથાને કારણે ઊભા થયેલા ઊંચ-નીચના ભેદભાવો અને અસ્પૃશ્યતાએ ભારતીય સમાજ અને ભારતીય રાષ્ટ્રને ખંડખંડમાં વહેંચી નાખ્યાં છે. પ્રાચીન યુગની કલ્યાણકારી વર્ણવ્યવસ્થા આજે મરણવ્યવસ્થા બની ગઈ છે. દુર્ભાગ્યની વાત એ છે કે આઝાદ ભારતમાં ચૂંટણીપ્રથા, અનામત તથા નોકરીઓના માધ્યમથી પણ પરસ્પર ભેદભાવ અને જાતિવાદની જડ ઊલટાની વધુ ને વધુ ઊંડી ઊતરતી જાય છે. આવી નિરાશાજનક સમસ્યાનું એકમાત્ર સમાધાન વૈદિક ગુણ-કર્મ-સ્વભાવ અનુસારની વર્ણવ્યવસ્થા જ છે. રાષ્ટ્રનો અભ્યુદય યોગ્યતા અને પાત્રતાના આધારે જ સંભવ છે. એનાથી વિપરીત દિશામાં કરવામાં આવતી પ્રત્યેક અનધિકાર ચેષ્ટા રાષ્ટ્રના પતનનું કારણ સિદ્ધ થાય છે.

**આશ્રમ-વ્યવસ્થા**

વૈદિક સંસ્કૃતિમાં મનુષ્યજીવનનું લક્ષ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ બતાવવામાં આવ્યું છે. લક્ષ્યની પ્રાપ્તિ માટે પ્રત્યેક સ્ત્રી-પુરુષે શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી આવશ્યક છે. આ તથ્યને ધ્યાનમાં રાખી મનુષ્યના જીવનને ચાર ભાગમાં વહેંચીને તેના ચાર પડાવ નક્કી કરવામાં આવ્યા છે. આ પડાવોને આશ્રમો કહેવામાં આવે છે, જેનાં નામ છે : બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ. આ ચારેય આશ્રમોની જાણકારી સંક્ષેપમાં આ મુજબ છે :

**બ્રહ્મચર્ય આશ્રમ :** મનુષ્ય-શરીરની ચાર અવસ્થાઓ બતાવવામાં આવી છે : વૃદ્ધિ, યૌવન, પૂર્ણતા અને કિંચિત્-પરિહાણિ. સોળમા વર્ષથી પચીસમા વર્ષ સુધી મનુષ્યના શરીરની સર્વ ધાતુઓની વૃદ્ધિ, પચીસમાં વર્ષથી યુવાવસ્થાનો આરંભ, ચાળીસમા વર્ષ સુધીમાં યુવાવસ્થાની પૂર્ણતા અર્થાત્ સર્વ ધાતુઓની પૂર્ણપુષ્ટિ અને પછીથી કિંચિત્ વીર્યનો અને તમામ ધાતુઓનો નાશ થતો જાય છે. જે કોઈ આ વૃદ્ધિની અવસ્થામાં વીર્યાદિ ધાતુઓનો નાશ કરે છે તે સમજો કે કુહાડી વડે કાપેલા વૃક્ષ અથવા લાકડી વડે ફોડેલા ઘડા સમાન પોતાના સર્વસ્વનો નાશ કરે છે, અને પશ્ચાત્તાપમાં પડે છે. માટે પુરુષે ઓછામાં ઓછાં પચીસ અને સ્ત્રીઓએ ઓછામાં ઓછા સોળ વર્ષ સુધી વિવાહ કરવો જોઈએ નહિ. હકીકતમાં તો બ્રહ્મચર્યાશ્રમ જીવનના પ્રભાતથી જ શરૂ થઈ જાય છે. બ્રહ્મચર્યકાળમાં વ્યક્તિનું નિર્માણ ત્રણ ગુરુઓ દ્વારા થાય છે : માતા, પિતા અને આચાર્ય. **'માતૃમાન્ પિતૃમાન્ આચાર્યવાન્ પુરુષો વેદ:'** બાળકને પાંચ વર્ષની ઉમર સુધી માતા, પાંચથી આઠ વર્ષ સુધી પિતા અને આઠ વર્ષ પછી આચાર્ય શિક્ષણ આપે છે. ઋષિ દયાનંદે તો ત્યાં સુધી લખ્યું છે કે પઠનપાઠનમાં સંબંધમાં રાજનિયમ અને જાતિનિયમ હોવો જોઈએ કે પાંચ વર્ષ અથવા આઠ વર્ષ પછી કોઈપણ માબાપે પોતાનાં બાળકોને ઘેર રાખવાં નહિ, પાઠશાળામાં જરૂર મોકલી આપવાં. આ નિયમનો ભંગ કરનારને યોગ્ય શિક્ષા પણ થવી જોઈએ. કન્યાશાળા અને કુમારશાળા એકબીજાથી એક-બે ગાઉને અંતરે હોવી જોઈએ.

બ્રહ્મચર્ય-આશ્રમ બાળકોનાં શરીર, બળ, બુદ્ધિ અને વિદ્યાની વૃદ્ધિ માટેની યોજના છે. શિક્ષા-દીક્ષાનો આ જ ખરો તબક્કો છે. સંસારની બીજી બધી ઝંઝટોથી દૂર રહી બાળકો પોતાનાં ભવિષ્યનું નિર્માણ કરવા માટે તપસ્વીઓ જેવું જીવન ગાળે છે. સંપૂર્ણ જીવન સાંસારિક ઉન્નતિમાં પુરુષાર્થી રહેવાની આધારશિલા આ જ આશ્રમ છે. માટે બ્રહ્મચર્યાશ્રમને આપણે મનુષ્યના જીવનની આધારશિલા પણ કહી શકીએ છીએ. આ આધારશિલા પણ વીર્યવાન્ બનવાથી મજબૂત બને છે. ફક્ત વિવાહ ન કરવા એ જ બ્રહ્મચર્યાશ્રમનું પાલન નથી. જેનું બ્રહ્મચર્ય નષ્ટ થઈ ગયું તેનું જીવન નષ્ટ થઈ ગયું, એવી સાવચેતીને હંમેશાં ધ્યાનમાં રાખવી જરૂરી છે. ખેદ છે કે, આજનું શિક્ષણ અને વાતાવરણ વીર્યરક્ષાની મજાક ઉડાવવા માંડ્યાં છે. બ્રહ્મચર્યાશ્રમની સમયમર્યાદા પુરુષો માટે ઓછામાં ઓછી પચીસ વર્ષ અને સ્ત્રીઓ માટે સોળ વર્ષ છે. પુરુષે વધુમાં વધુ અડતાળીસ વર્ષ બ્રહ્મચર્ય પાળવું જોઈએ. આજના કાયદા મુજબ સ્ત્રીની ઓછામાં ઓછી સોળ વર્ષની ઉમર વિવાહ માટે માન્ય છે, જ્યારે શાસ્ત્રની વ્યવસ્થા પ્રમાણે સ્ત્રીઓએ વધુમાં વધુ ચોવીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવું જોઈએ. હા, જો કોઈ સ્ત્રી કે પુરુષ આજીવન બ્રહ્મચારી રહેવાનો સંકલ્પ કરે તો કોઈ વાંધો નથી, પરંતુ યૌવનકાળના વેગને રોકવાનું કામ સરળ નથી.

> **જન્મગત જાતિપ્રથાને કારણે ઊભા થયેલા ઊંચ-નીચના ભેદભાવો અને અસ્પૃશ્યતાએ ભારતીય સમાજ અને ભારતીય રાષ્ટ્રને ખંડખંડમાં વહેંચી નાખ્યાં છે. પ્રાચીન યુગની કલ્યાણકારી વર્ણવ્યવસ્થા આજે મરણવ્યવસ્થા બની ગઈ છે.**

**ગૃહસ્થ આશ્રમ :** પુરુષ અને સ્ત્રીનો પ્રણયસૂત્રમાં આબદ્ધ થઈને સાંસારિક ક્ષેત્રમાં પ્રવેશ કરવો એ ગૃહસ્થાશ્રમનો આરંભ છે. ગૃહસ્થ જીવનમાં પણ બ્રહ્મચર્યના ગુણોને વિસ્મૃત કરી દેવામાં આવતા નથી. ઋષિઓનો આદેશ છે કે, જે ગૃહસ્થ એકપત્નીવ્રત પાળી ઋતુગામી રહે છે એ ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં પણ બ્રહ્મચારી જ છે. ગૃહસ્થીઓને ચેતવણી આપતા ઋષિ દયાનંદે સત્યાર્થપ્રકાશના ચોથા સમુલ્લાસમાં લખ્યું છે : "સ્ત્રી અને પુરુષે ધ્યાનમાં રાખવું કે રજ અને વીર્ય અમૂલ્ય છે. જે કોઈ આ અમૂલ્ય પદાર્થને પરસ્ત્રી અથવા વેશ્યામાં નષ્ટ કરે છે, તેઓ મહામૂર્ખ છે. કારણ કે ખેડૂત અને માળી મૂર્ખ હોય તોપણ પોતાનાં સાધારણ બીજને બીજાના ખેતરમાં વાવતા નથી. તો જે બીજથી સર્વોત્તમ શરીર બને છે તેને બીજાના ક્ષેત્રમા વ્યર્થ ગુમાવનારને મહામૂર્ખ ન કહેવામાં આવે તો પછી બીજું શું કહેવું ? બીજાના ક્ષેત્રમાં વાવેલ બીજનું ફળ પોતાને મળતું નથી."

આજકાલ કુટુંબનિયોજનના પ્રયોજનથી અનેક નવાં નવાં સાધનો ઉપલબ્ધ થવા માંડ્યાં છે. જો ગૃહસ્થ લોકો ઋષિના ઉપરોક્ત ઉપદેશને અપનાવત તો આવાં સાધનોની કોઈ જરૂર ન પડત. રજ-વીર્યનો નાશ એ ખૂબ જ મોટો અપરાધ છે. ગૃહસ્થાશ્રમ અનેક પ્રકારની ગંભીર જવાબદારીઓથી ભરેલો આશ્રમ છે. સંતાનો ઉત્પન્ન કરવાં, અને તેમને ઉછેરી શિક્ષણ આપી યોગ્ય નાગરિક બનાવવાં, માબાપ વગેરે વડીલોનું ભરણપોષણ કરવું; દેશ, ધર્મ અને જાતિની ઉન્નતિ કરવી - આ બધી જવાબદારીઓ ગૃહસ્થીઓએ જ ઉઠાવવી પડે છે. બીજા આશ્રમમાં રહેતા લોકોને તો ક્યાંકથી ભિક્ષા માગી લાવવાનો પણ અધિકાર છે, જ્યારે ગૃહસ્થી માટે માગીને ખાવાને પાપ માનવામાં આવ્યું છે. પંચમહાયજ્ઞોનો નિર્વાહ પણ ગૃહસ્થીઓએ જ કરવો પડે છે. માતા-પિતા આદિ પૂર્વજો દ્વારા સ્થિર કરેલી ઉત્તમ મર્યાદાઓનું જતન કરવું એ પણ ગૃહસ્થીઓનું કર્તવ્ય બની રહે છે. મહર્ષિ મનુએ આથી જ ગૃહસ્થાશ્રમને શ્રેષ્ઠ આશ્રમની સંજ્ઞા આપી છે, કારણ કે બાકીના ત્રણેય આશ્રમોનું પાલન આ આશ્રમ દ્વારા જ થાય છે. માટે ગૃહસ્થાશ્રમ મહાન છે. જો ગૃહસ્થાશ્રમ ન હોત તો સંતાનોત્પત્તિ ન થવાથી બ્રહ્મચર્યાશ્રમ અને સંન્યાસાશ્રમ ક્યાંથી થાત? પરંતુ ગૃહસ્થીની સાર્થકતા ત્યારે જ કહેવાય છે કે જ્યારે તે પોતાના કુટુંબને ઉન્નત કરી, પુત્ર-પુત્રીઓને સુયોગ્ય બનાવી, પોતાના જીવનને આધ્યાત્મિક અને સામાજિક બનાવીને, ઘરનાં કામકાજમાંથી જાતે જ નિવૃત્ત થઈ જાય. મૃત્યુ ક્યારે આવે તેની રાહ જોઈને જ ન ચોંટી રહે. **(ક્રમશઃ)**

**ગુજરાતભરની તમામ આર્યસમાજો તથા વૈદિક પ્રચાર સાથે સંલગ્ન સંસ્થાઓને પોતાના સાપ્તાહિક સત્સંગ સહિતના તમામ સમાચારોને ફોટોગ્રાફસ સાથે મોકલી આપવા વિનંતી છે. આપ ઈ-મેઈલના માધ્યમથી પણ સમાચાર મોકલી શકો છો.**

**: કાર્યાલય :**

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧

E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ (સાપ્તાહિક)

# માથેરાન ખાતે સરલ આધ્યાત્મિક શિબિર યોજાશે

આગામી તારીખ ૧૦-૧૧-૧૨ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ હોટલ અશોક, માથેરાન ખાતે દર્શનાચાર્ય આચાર્ય અજયજીના શિબિરાધ્યક્ષતામાં સરલ આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં ભાગ લેવા માટે અગાઉથી નામની નોંધણી કરાવવી જરૂરી છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા શિબિરાર્થીઓએ એક દિવસ અગાઉ માથેરાન પહોંચવાનું રહેશે.

શિબિરમાં ભાગ લેવા માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં શ્રી પરેશભાઈ પ્રેમજીયાણી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સંપર્ક સૂત્ર

| | | | |
|---|---|---|---|
| ૦૧. | શ્રી વિનોદભાઈ વેલાણી | ઘાટકોપર | ૦૯૮૨૦૮૦૮૬૨૬ |
| ૦૨. | શ્રી પરેશભાઈ પટેલ | બોરિવલી | ૦૯૮૬૯૪૬૦૯૦૫ |
| ૦૩. | શ્રી રાજેન્દ્ર પટેલ | પનવેલ | ૦૯૩૨૨૨૯૭૩૫૪ |
| ૦૪. | શ્રી સુરેશભાઈ પટેલ | થાણા | ૦૯૮૭૦૯૭૭૩૯૯ |

# ઐતિહાસીક લગ્ન જે વાતાવરણ શુદ્ધિના નિમિત્ત બન્યા

મુંબઈ

સામાન્ય રીતે લગ્ન જેવા શુભ પ્રસંગે લોકો ફટાકડા ફોડીને ઉજવણી કરે છે પણ ઘાટકોપરના એક પરિવારે થોડા સમય પહેલાં દિકરીના લગ્નમાં સમાજને ઉપયોગી થવાય તેવું આયોજન કર્યું હતું.

ઘાટકોપરમાં વસતા આર્યવન રોજડના સંસ્થાપક દિવંગત્ ધનજીબાપાની પૌત્રી અને શ્રી વિનોદભાઈ વેલાણીની સુપુત્રી પ્રાચીના લગ્ન થોડા સમય પહેલાં સૌમૈયા મેદાનમાં સંપન્ન થયા હતા.

આમ જોવા જઈએ તો આ એક સામાન્ય લગ્ન પ્રસંગ હતો. જો કે ધ્યાનાકર્ષક બાબત એ હતી અગ્નિહોત્ર - યજ્ઞની ઉપસ્થિતિ. લગ્ન મંડપમાં તો યજ્ઞ હતો છતાં મંડપમાં અન્ય સ્થળે મોટો યજ્ઞ કરવાની શી જરૂર હશે ?

આનો જવાબ વાતાવરણની શુદ્ધિ અને સમાજમાં નવો ચિલો પાડવાનો મક્કમ ઈરાદો. વિનોદભાઈ વેલાણછ કહે છે કે અમે ધૂમાડાના ફૂવારા ઉડાડીને વાતાવરણ દૂષિત કર્યું તો એ શુદ્ધ કરવાની જવાબદારી પણ અમારી જ થાય



છે.

બસ આ જ કારણસર યજ્ઞકુંડમાં પ્રાચીના મોટા બાપુજી હિંમતભાઈએ એમના દહેગામ ફાર્મમાંથી જાતે બનાવેલી ચંદનની સમીધા, ગાયનું શુદ્ધ ઘી તથા મીરા રોડના ડૉ. તારાસિંહ આર્યએ વિશેષ તૈયાર કરેલી ઔષધીયુક્ત સામગ્રીની આહુતી સાંજના ચારથી રાત્રીના દસ સુધી હોમાતી રહી અને વાતાવરણ અતિ સુગંધિત બનતું રહ્યું હતું.

લગ્નમાં હાજર રહેલા મહેમાનોએ પણ યજ્ઞમાં આહુતી આપીને વિનોદભાઈ તથા તેમના પરિવારજનોએ શરૂ કરેલી આ નવી પરંપરાને બિરદાવી હતી.

પ્રાચીના લગ્ન અમદાવાદ સ્થિત સંસ્કૃતના પ્રોફેસર ડૉ. કમલેશકુમાર શાસ્ત્રીએ વૈદિક વિધિથી કરાવ્યા હતા.

# ડોમ્બીવલી આર્યસમાજના નવમાં વાર્ષિકોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

ગત તા. ૧૫મી ડિસેમ્બરના રોજ ડોમ્બીવલી આર્યસમાજના ૯માં વાર્ષિકોત્સવની




ઉજવણી ધામધૂમથી પાટીદાર ભવન, ડોમ્બીવલી ખાતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે માનનીય ધર્મપાલ શાસ્ત્રીજી (કાકડ વાડી આર્ય સમાજ, મુંબઈ) તથા ભજનોપદેશ સહારનપુર (ઉ.પ્ર)થી પધારેલા પં. સુખપાલજી આર્ય દ્વારા સત્સંગ, પ્રવચન, વૈદિક ભજનનો રસથાળ પીરસવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડોમ્બીવલી, ઘાટકોપર, થાણા, મુલુંડ, અંધેરી, બોરીવલી, પૂણે



એક વિવિધ શહેરોથી લગભગ ૩૫૦ જેટલા સત્સંગ પ્રેમીઓ હાજર રહ્યા હતા અને કાર્યક્રમનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ડોમ્બીવલીના આમદાર શ્રી રવિન્દ્ર ચવ્હાણ, મહારાષ્ટ્રના મંત્રી શ્રી જગન્નાથ પાટીલ, ડૉ. તારાસિંહ આર્ય ( મીરા રોડ), સૌ. મંગળા સુળે (ભૂ.પૂ. નગરસેવિકા તિલકનગર, ડોમ્બીવલી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સત્ય ઈશ્વરની ઉપાસનાના માર્ગે ચાલીને આપણું જીવન ધન્ય બનાવીએ : આચાર્ય સત્યજીતજી



આચાર્ય સત્યજીતજી અને તેમની પાસે ન્યાયદર્શન ભણતાં બ્રહ્મચારીઓ રોજડથી સૌરાષ્ટ્ર ભ્રમણાર્થે નીકળ્યા હતા. તે અંતર્ગત તેઓ જુનાગઢ પધાર્યા હતા. બે દિવસના તેમના આ રોકાણ દરમ્યાન આર્યમાસજ જુનાગઢ ખાતે તેમના પ્રવચનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. યજ્ઞ અને સ્વાગત કાર્યક્રમની સમાપ્તિ બાદ બ્રહ્મચારીઓએ સુંદર ભજન રજુ કર્યું હતું. આચાર્ય સોમદેવે તેમના પ્રવચનમાં સુખી થવાના ઉપાયો બતાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આપણું આચરણ વેદાનુકુલ હોવું જોઈએ. જીવનમાં માતા-પિતાની સેવા કરવી નિત્ય પોતાના કર્તવ્યોનું પાલન કરવું અને હૃદય હંમેશા દયાથી ભરેલું રાખવું. જીવનમાં હંમેશા સારો વ્યવહાર કરવો જોઈએ જેથી આપણે સુખી રહી શકીએ.

આચાર્ય સત્યજીતજીએ ઉપસ્થિત વૈદિક પ્રેમીઓને સંબોધતાં જણાવ્યું હતું કે આપ ગૃહસ્થીઓ અમને સહાય કરો છો, ધન આપો છો પરંતુ આટલાથી પ્રસન્ન થવાની જરૂર નથી. આપનો એક બાળક આ બ્રહ્મચારી હોય તો વધુ ખુશી થાય. તેમણે એક બાળકને બ્રહ્મચારી બનાવવા અપીલ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઋષિ દયાનંદે સાચો રાહ બતાવ્યો છે, અંધવિશ્વાસ, કુરુઢી, અંધપરંપરામાંથી દૂર કરી સાચો વેદ માર્ગ બતાવ્યો સત્ય ઈશ્વરની ઉપાસના કરવાનો માર્ગ બતાવ્યો તે માર્ગ ઉપર ચાલી આપણું જીવન ધન્ય બનાવીએ. અંતે શાંતિપાઠ કરી કાર્યક્રમને સમાપ્ત કરવામાં આવ્યો હતો.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com